# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૩૬ | ૭ નવેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; કારતક સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં ફટાકડા ફોડતા ૨૫ દાઝ્યા

## ૧૫ જેટલા બાળકોને નાની-મોટી ઈજાઓ : જિલ્લાભરમાં અંદાજે ૪૫ થી વધુ ઘાયલ : રોકેટ ફોડતા દાઝ્યાના સૌથી વધુ કિસ્સાઓ


## શ્રી જલારામ જયંતિ - ભાવસભર નિમંત્રણ



નવા વર્ષે આપનું જીવન પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી છલકાતું રહે એવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર આપ સૌ નગરજનોને પૂ. બાપાની ૨૧૪મી જન્મજયંતિની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રે છે.

**શ્રી જલારામ જયંતિ - તા. ૯/૧૧/૨૦૧૩, શનિવાર**

**શુભ પ્રસંગો**

ધૂન : સવારે ૬-૩૦ થી સાંજે ૬-૩૦
શોભાયાત્રા : સવારે ૮.૦૦ કલાકે (જલારામ મંદિરથી ભોજલરામ મંદિર, સે.૭)
સુંદરકાંડના પાઠ : બપોરે ૩.૩૦ કલાકે
અન્નકૂટ દર્શન : સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦
મહાઆરતી : સાંજે ૬.૪૫ કલાકે
વીરપુર જઈ રહેલા પદયાત્રીઓનું અભિવાદન : સાંજે ૭.૦૦ કલાકે
શુભ સ્થળ : જલારામ મંદિર, સે.૨૯, ફોન : ૨૩૨૨૩૬૧૪

**વ્યાવસાયિક કામકાજને વિરામ આપી આ ઉજવણીમાં સહપરિવાર ઉમંગપૂર્વક જોડાવા ખાસ અપીલ છે.**


ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં ૧૫ જેટલા બાળકો સહિત ૨૫ થી વધુ નગરજનો દિવાળી અને બેસતા વર્ષે ફટાકડા ફોડતા દાઝી ગયા હોવાના કિસ્સાઓ બનવા પામ્યા હતા. સદ્‌ભાગ્યે કોઈ જ જાનહાની દિવાળી પર્વે ફટાકડાથી દાઝ્યાના કારણે થવા પામી નથી. જો કે નાની-મોટી ઈજાઓ થતા ઘાયલ થયેલા શહેરીજનોએ સિવિલ હોસ્પિટલ તથા કેટલાકે ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી.



જિલ્લાભરમાં ફટાકડા ફોડતી વખતે બેદરકારી રાખવાને કારણે દાઝી જવાથી ૪૫થી વધુ લોકો ઘાયલ થયાના કિસ્સાઓ બનવા પામ્યા હતા. જેમાં ગાંધીનગર શહેરમાં ૨૫ થી વધુ નાના-મોટા કિસ્સાઓ બનવા પામ્યા હતા. બાળકો ફટાકડા ફોડે તે વખતે કોઈ વડીલ કેવાલીએ કાળજી રાખીને તેના પર ધ્યાન રાખવામાં ગફલત કરી હોય તેવા કિસ્સાઓમાં દાઝી ગયેલા ૧૫ જેટલા બાલકોએ ખાનગી તથા સરકારી દવાખાનાઓમાં સારવાર લેવાની ફરજ પડી હતી. સૌથી વધુ રોકેટ ફોડતી વખતે દાઝ્યાના કિસ્સાઓ બનવા પામ્યા હતા. રોકેટ ફોડવા માટે તેને સળગાવવા જાય ત્યારે ભાગવાનો પણ મોકો ન આપી પળવારમાં રોકેટ ત્યાં જ ફુટી જવાના કિસ્સાઓ વધુ બનતા લોકો દાઝ્યા હતા. જો કે સદ્‌નસીબે આ વખતે દિવાળી પર્વે ફટાકડા ફોડતા દાઝ્યાથી કોઈ જાનહાની થવા પામી ન હતી.



સુમસામ બજાર - દિવાળીના મુર્હુત બાદ વેપાર-ધંધામાં બે-ત્રણ દિવસનું વેકેશન અનુભવાય છે... ગાંધીનગરના મુખ્ય બજારો સોમ, મંગળ, બુધ એમ ત્રણ દિવસ સતત બંધ રહેતા નગરમાં સુમસામ માહોલ અનુભવાતો હતો.... (તસવીર : દર્શન મારૂ)

## સેક્ટર-૨૮માં ફટાકડો મકાનમાં પડતા આગ લાગી

ગાંધીનગર શહેરના સે. ૨૫ કેટેગરી ટાઈપના મકાનમાં એક ફટાકડો આવીને પડ્યો અને ત્યાં ફૂટતા મકાનમાં આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ દુર્ઘટનામાં ટીવી, કેમેરા, પાસબુક, ધો. ૧૦ અને ધો. ૧૨ના પ્રમાણપત્રો સહીત વાયરીંગ બળીને ખાખ થઈ ગયું હતું. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી.


LED, LCD & Colour TV રીપેરીંગ

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧



# Champaner Heritage Resort









- Property spreads across 40 acres of greenery surrounded by hills and Dev Dam.
- 16 A.C. rooms
- Conference room - Capacity of 100 pax
- Multi cuisine restaurant
- Three party lawns - Capacity of 1000 pax
- Boating / Safari / Nature Walk on request

Champaner Heritage Resort
A ROYAL HERITAGE HOTEL

Village: Bhamaria,
Pavagadh: Jambughoda Road,
Taluka: Halol, Dist., Panchamahal
**Tel.: 09586188811 & 09586288811**
E-mail: info@champanerheritageresort.com
Web.: www.champanerheritageresort.com